GJGN020108042025

દાખલ તારીખ : ૦૪/૦૯/૨૦૨૫
નોંધ્યાતારીખ : ૦૪/૦૯/૨૦૨૫
ફેંસલતારીખ : ૨૦/૦૮/૨૦૨૬
સમયગાળો : વર્ષ. માસ. દિવસ.

# FORM–A

**ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટની અદાલતમાં,**
**ગાંધીનગર.**
**શ્રી ડી.આર.જગુવાલા**
**ચીફ જ્યુડીશ્યલ ન્યાયાધીશ.**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૨૦/૦૮/૨૦૨૬ |
| ક્રિમીનલ કેસ નંબર | ૫૫૩૫/૨૦૨૫ |
| ફરીયાદપક્ષ | શ્રી સરકાર<br>શ્રી શરદકુમાર જીવણલાલ પાટડીવાલા, ઉ.વ.૬૫, રહે. મકાન નંબર–૧, ન્યુ ચંદ્રનગર સોસાયટી સુપથ–૨ કોમ્પલેક્ષની પાછળ, જુના વાડજ, અમદાવાદ |
| પોલીસ સ્ટેશન | સેકટર–૭ પોલીસ સ્ટેશન, ગાંધીનગર |
| વિ.એ.પી.પી.શ્રી | એ.વી.જોષી |
| ગુનાની કલમ | બી.એન.એસ.ની કલમ–૨૮૧, ૧૨૫(એ),૧૨૫(બી) તથા એમ.વી. એકટ કલમ : ૩,૧૮૧, ૧૭૭, ૧૮૩ ,૧૮૪,૧૩૪(બી) મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ સંખ્યા | ૧૧૨૧૬૦૦૮૨૫૦૩૯૮/૨૦૨૫ |

| | |
|---|---|
| આરોપીપક્ષ | **પ્રેમદિપકુમાર છગનલાલ રૂમાલભાઈ નિસરતા**<br>ઉ.વ.૨૭, રહે–પ્લોટ નં. ૨૦૮/૧ , સેકટર–૫/એ,તા.જી.ગાધીનગર, મુળ રહે. નાના સલરાગામ તળાવ ફળિયું, તા.ફતેપુરા, જી.દાહોદ |
| બચાવપક્ષ – વિ.વ. શ્રી | **બી.એન.ભગોરા** |

## FORM–B

| | |
|---|---|
| એફ.આઈ.આર. તારીખ | ૨૩/૦૬/૨૦૨૫ |
| ચાર્જશીટ દાખલ તારીખ | ૦૧/૦૯/૨૦૨૫ |
| પ્લી કર્યા તારીખ | ૧૧/૦૯/૨૦૨૫ |
| પુરાવો ચાલુ થયા તારીખ | ૨૨/૦૬/૨૦૨૬ |
| ચૂકાદો અનામત રાખ્યા તારીખ | ૨૦/૦૮/૨૦૨૬ |
| ચૂકાદાની તારીખ | ૨૦/૦૮/૨૦૨૬ |
| સજા, હુકમની તારીખ (લાગુ પડે તો) | – |

## આરોપીની વિગત

| આરોપી નંબર | આરોપીનું નામઃ– | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો | તકસીરવાન / નિર્દોષ | કરવામાં આવેલ સજા ––– | સી.આર.પી.સી.ની .કલમ – ૪૨૮ માટે કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | પેમદિપ કુમાર | ૦૮ / ૦૭/ | ૦૮ / ૦૭/ | બી.એન.એસ. ની | નિર્દોષ | નિર્દોષ | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | છગનલાલ રૂમાલભાઈ નિસરતા | ૨૦૨૫ | ૨૦૨૫ | કલમ–૨૮૧ , ૧૨૫ (એ) ,૧૨૫(બી) તથા એમ.વી. એકટ કલમ :૩,૧૮૧ ,૧૭૭, ૧૮૩, ૧૮૪, ૧૩૪(બી) મુજબ. | | | |

## FORM–C

**ફરિયાદપક્ષે / બચાવપક્ષે / કોર્ટ તરફે સાહેદ યાદી.**

**અ. ફરિયાદપક્ષે સાહેદ લિસ્ટ.૧૧૨૧૬૦૦૮૨૪૦૭૪૮/૨૦૨૪**

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| **૧૦** | શરદકુમાર જીવણલાલ પાટડીવાલાની જુબાની | ફરિયાદી |
| **૧૨** | દક્ષાબેન શરદકુમાર પાટડીવાલાની જુબાની | સાહેદ |
| **૧૪** | મુકેશભાઈ ડાહયાભાઈ સોલંકીની જુબાની | સાહેદ |
| **૧૮** | દેવાંગભાઈ કાંતિભાઈ સાધુની જુબાની | ત.ક.અ.શ્રી |

**દસ્તાવેજી પુરાવા.**

| આંક | દસ્તાવેજ | પ્રકાર |
|---|---|---|
| **૧૧** | અસલ ફરિયાદ | ફરિયાદ |
| **૧૫** | ગુનાવાળી જગ્યાના પંચનામાની નકલ | પંચનામું |
| **૧૬** | દક્ષાબેન શરદકુમાર પાટડીવાલાના મેડીકલ સર્ટીફીકેટની નકલ | મેડીકલ સર્ટી. |

| | | |
|---|---|---|
| | | ની નકલ |
| **૧૭** | શરદભાઈ જીવણલાલ પાટડીવાલાના મેડીકલ સર્ટીફીકેટની નકલ | મેડીકલ સર્ટી. ની નકલ |
| **૧૯** | શરદભાઈ પાટડીવાલાનું અસલ મેડીકલ સર્ટીફીકેટ | મેડીકલ સર્ટી. |

**બ. બચાવપક્ષે સાહેદ લિસ્ટ**

| **આંક** | **નામ** | **સાહેદનો પ્રકાર** |
|---|---|---|
| ---- | ---- | ---- |

**ક. કોર્ટપક્ષે સાહેદ લિસ્ટ**

| **આંક** | **નામ** | **સાહેદનો પ્રકાર** |
|---|---|---|
| ---- | ---- | ---- |

**ફરિયાદપક્ષે/બચાવપક્ષે /કોર્ટપક્ષે આંક**

**અ. ફરિયાદ.**

| **અ.નં.** | **આંક** | **વિગત** |
|---|---|---|
| **૧** | --- | ---- |

**બ. બચાવપક્ષે આંક**

| **અ.નં.** | **આંક** | **વિગત** |
|---|---|---|
| **૧** | --- | ---- |

**ક. કોર્ટપક્ષે આંક**

| **અ.નં.** | **આંક** | **વિગત** |
|---|---|---|
| **૧** | --- | ---- |

**ડ. કબજે કરેલ મુદ્દામાલ.**

| અ.નં. | આર્ટિકલ નંબર | વિગત |
|---|---|---|
| ૧ | --- | ---- |

## // ચૂકાદો //

(૧).. ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામાના આરોપીએ ગઈ તા.૨૨/૦૬/૨૦૨૫ ના કલાક: ૨૦/૩૦ વાગે મોજે ખ-૧ રોડથી ગ-૧ સર્કલ તરફ જતા રોડ ઉપર સેકટર-૪ શનિદેવ મંદિર તરફ જવા કટ પહેલા જી.ગાંધીનગર ખાતે પોતાની વરના ગાડી નં. જીજે-૨૦-એ.કયુ.-૫૫૧૫ ની વગર ડ્રાઈવિંગ લાયસન્સે પુર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ફરિયાદીના મો.સા.નં. જીજે-૦૧-એલ.સી.-૩૧૪૮ ને પાછળથી ટકકર મારી રોડ અકસ્માત સર્જી ફરિયાદીને બંને ઢીંચણના ભાગે તથા જમણી છાતીના પાસળીના ભાગે ફ્રેકચર તેમજ માથામા હેમરેજ તથા શરીરે છોલાયાની તથા ફરિયાદીના મો.સા.ની પાછળ બેઠેલ તેમના પત્નિ સાહેદ દક્ષાબેન શરદકુમાર પાટડીવાલાને માથામા હેમરેજ તથા શરીરે છોલાયાની ઈજાઓ પહોંચાડી પોતાની ગાડી લઈ ભાગી જઈ ગુનો કરી બી.એન.એસ.ની કલમ-૨૮૧,૧૨૫(એ),૧૨૫(બી) તથા એમ.વી. એકટ કલમ :૩,૧૮૧,૧૭૭,૧૮૩,૧૮૪,૧૩૪(બી) મુજબની ફરિયાદ ફરિયાદીએ ગાંધીનગર સેકટર- ૭ પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ ગુના રજી. નં. ૧૧૨૧૬૦૦૮૨૫૦૩૯૮/૨૦૨૫ થી આપતા તેની તપાસ કરી, તપાસ કરનાર અમલદારે આરોપીને અટક કરી, લાગતા વળગતા સાહેદોના

નિવેદનો લઈ , તપાસના અંતે આરોપી વિરુધ્ધ ગુનો બનતો હોવાનો પુરતો પુરાવો હોય અત્રેની કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ.

(૨).. ત્યારબાદ, સદર કામે આરોપીને સમન્સ કરતા આરોપી અદાલતમાં હાજર થયેલ છે. આરોપીને પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાત્રી કરી આંક:૦૪ થી આરોપીની પ્લી લેતા આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરેલ છે. જેથી આ કામ ફરિયાદપક્ષના પુરાવા માટે રાખવામાં આવેલ છે.

(૩)..ફરીયાદપક્ષ દવારા ફરીયાદીનો પુરાવો લીધેલ હોય જે વંચાણે લેતા આરોપી વિરૂધ્ધનો પુરાવો જણાતો ન હોય આરોપીનું સી.આર.પી.સી.ની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામા આવેલ નથી. ત્યારબાદ, આ કામે ઉભય પક્ષકારો તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૪)..આ કામે સદરહુ કેસના ન્યાયીક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**––:: મુદ્દાઓ::––**

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગઈ તા.૨૨/૦૬/૨૦૨૫ ના કલાક: ૨૦/૩૦ વાગે ખ–૧ થી ગ–૧ સર્કલ તરફ જતા રોડ ઉપર સેક્ટર–૪ શનિદેવ મંદિર તરફ જવાના કટ પહેલા ગાંધીનગર ખાતે પોતાની ગાડી નં. જીજે–૨૦–એ.કયુ.–૫૫૧૫ ની વગર ડ્રાઈવિંગ લાયસન્સે પેર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી

ફરિયાદીના મો.સા.નં. જીજે–૧૦–એલ.સી.–૩૧૪૮ ને પાછળથી ટકકર મારી ફરિયાદીને બંને ઢીંચણના ભાગે તથા જમણી છાતીના પાસળીના ભાગે ફેકચર તેમજ માથામાં હેમરેજ તથા શરીરે છોલાયાની તથા ફરિયાદીના પત્નિને માથામાં હેમરેજ તથા શરીરે છોલાયાની ઈજાઓ પહોંચાડી પોતાની ગાડી લઈ ભાગી જવાનો ગુનો કરી બી.એન.એસ.ની કલમ–૨૮૧, ૧૨૫(એ),૧૨૫(બી) તથા એમ.વી. એકટ કલમ : ૩,૧૮૧, ૧૭૭,૧૮૩,૧૮૪,૧૩૪(બી) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?.

(૨) શું હુકમ... ?

**(૫)..** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે. :

(૧) નકારમા.

(૨) આખરી હુકમ મુજબ.

**(૬)..** ઉપરોકત મુદ્દાઓના નિર્ણયોના કારણો નીચે મુજબના છે.

## // કા ર ણો //

***મુદ્દા નં. (૧) અને (૨) :–***

આ કામે બંન્ને મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય, હકીકતોનુ પુનરાવર્તન ટાળવા તથા સરળતા ખાતર બંન્ને મુદ્દાની ચર્ચા એક

સાથે કરવામા આવેલી છે.

**(૬.૧)** આ કામે ફરીયાદપક્ષ દવારા આરોપી સામે બી.એન.એસ.ની કલમ – ૨૮૧, ૧૨૫(એ),૧૨૫(બી) તથા એમ .વી. એકટ કલમ : ૩,૧૮૧,૧૭૭,૧૮૩,૧૮૪,૧૩૪(બી) મુજબનો ગુનો પુરવાર કરવાનો રહે છે. ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીએ પોતાની ગાડી પુર ઝડપે અને ગફલતભરી રીતે ચલાવી ફરિયાદીના મોટરસાયકલને પાછળથી ટકકર મારી અકસ્માત સર્જી ફરિયાદી તથા તેમના પત્નિીને માથામાં હેમરેજ તથા શરીરે ઈજાઓ પહોંચાડી ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે.

(૭) ...સદર કામે ફરિયાદપક્ષે <u>આંક–૧૦ થી ફરિયાદી શરદકુમાર જીવણલાલ પાટડીવાલા તથા આંક–૧૨ થી સાહેદ દક્ષાબેન શરદકુમાર પાટડીવાલાનાઓને</u> સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓ બં ને પોતાની જુબાનીમા જણાવે છે કે, તેઓ અમદાવાદ ખાતે જુના વાડજ ન્યુ ચંદ્રનગર સોસાયટીમાં રહે છે અને ફરિયાદીની પાસે ફરિયાદીની માલિકીનું હીરો હોન્ડા પેશન મોટરસાયકલ નં. જીજે–૦૧ –એલ.સી.–૩૧૪૮ વાળુ છે અને ફરિયાદી ડ્રાઈવિંગ લાયસન્સ પણ ધરાવે છે. સદર મોટરસાયકલ લઈને તેઓ તા. ૨૨/૦૬/૨૫ ના રોજ ફરિયાદી સદર સાહેદ એટલે કે ફરિયાદી પત્નિ દક્ષાબેન સાથે તેઓના ઘરેથી સાંજે ૬:૩૦ પછી ગાંધીનગર સે–૪, માં તેઓના વેવાઈ મુકેશભાઈ રહેતા હોય તેમને ત્યાં જવા નીકળેલા તે વખતે મો.સા. ફરિયચાદી ચલાવતા હતા અને સદર સાહેદ ફરિયાદીના પત્નિ પાછળ

બેઠેલા હતા. તેઓ ખ–રોડ ઉપર સે–૪ શનિદેવના મંદિર પાસે પહોચેલા તે વખતે ફરિયાદી તેમની ગાડી ડાબી સાઈડમાં ૩૦ જેટલી સ્પીડે ચલાવતા હતા ત્યારે પાછળથી એક ફોરવીલ ગાડી આવેલી અને ફરિયાદીના મો.સા. ને ટકકર મારેલી. ટકકર વાગતા ફરિયાદીના પત્નિ અને સદર સાહેદ દક્ષાબેન હવામાં પાંચ ફુટ જેટલા ફેંકાય ગયેલા અને અકસ્માત થતા સદર ફરિયાદી બેભાન થઈ ગયેલા. ત્યારબાદ ફરિયાદીની છાતી ઉપર ફરિયાદીને દબાણ જેવુ લાગેલુ અને ભાન આવતા જોયુ તો ફરિયાદીના હાથ અને છાતીના ઉપર સદરહુ ફોરવીલનું વીલ હતુ પછી ફરિયાદી ફરીથી બેભાન થઈ ગયેલા. તે વખતે અકસ્માતના કારણે લોકો ભેગા થઈ ગયેલા તેમાંથી કોઈએ ફરિયાદીના ફોનમાંથી મુકેશભાઈનો નંબર શોધીને ફોન કરેલો જેથી ફરિયાદીના વેવાઈ મુકેશભાઈ સ્થળ ઉપર આવેલ અને પ્રાઈવેટ ગાડીમાં સદર ફરિયાદીની ગંભીર હાલત જોઈને ફરિયાદીને સીવીલ હોસ્પિટલ, ગાંધીનગર ખાતે લઈ ગયેલા અને સદર સાહેદ એવા ફરિયાદીના પત્નિને ૧૦૮ માં સીવીલ હોસ્પિટલમાં લાવેલા. જયાં બંનેને સારવાર માટે દાખલ કરેલા. ફરિયાદીના જમણા હાથમાં વાગેલું હોય ટાયર ગોળ ફરી વળતા ફરિયાદીનો હાથ સખત રીતે બળી ગયેલો અને ડાબી બાજુ કમરમાં પણ સદર સાહેદ એવા ફરિયાદીના પત્નિને વાગેલું અને સદર સાહેદ એવા ફરિયાદીના પત્નિના બંને થાપા અને બંને ઢાંકણીમાં ફ્રેકચર થયેલું અને પગના પંજામાં દસ દસ ટાંકા આવેલા. સદર સાહેદ એવા ફરિયાદીના પત્નિને બેઠો માર વાગેલો અને મગજમાં ઈજા થયેલી. સદર બનાવની ફરિયાદીએ સીવીલ હોસ્પિટલ ગાંધીનગરના ફરજ ઉપરના પોલીસ આવતા તેમની રૂબરૂ

ફરિયાદ આપેલી. જે અસલ ફરિયાદ ફરિયાદીને બતાવવામાં આવે છે જેમાં ફરિયાદીની સહી છે જેને રજુ દાખલ આંક−૧૧ આપવામાં આવે છે. ફરિયાદી અને સાહેદના વાહનને ટકકર મારનાર ફોરવીલનો નંબર ફરિયાદી તથા સદર સાહેદ એવા ફરિયાદીના પત્નિએ જોયેલ નહી પરંતુ ભેગા થયેલ લોકોએ ફોટા પાડેલા તેના આધારે નંબર ફરિયાદી તથા સદર સાહેદ દક્ષાબેનના દિકરાને જાણવા મળેલો.સદર ફોરવીલના નંબરના કોઈ ફોટા ફરિયાદી તથા સાહેદ દક્ષાબેનની પાસે નથી અને નંબર પણ તેઓ બંને જાણતા નથી. અકસ્માત કરનાર વાહનચાલક કોણ હતો તે પણ ફરિયાદી અને સાહેદ દક્ષાબેનને ખ્યાલ નથી કારણ કે, તે રીવર્સ તેઓની ગાડી લઈને ભાગી ગયેલો. સદર અકસ્માતના કારણે તેઓ બંનેની પરિસ્થિતિ ગંભીર થઈ ગયેલી છે અને ફરિયાદી પોતાનો ધંધો કરી શકતા નથી. ફરિયાદીએ સીવીલ હોસ્પિટલમાં સારવાર લીધા બાદ ફરિયાદીની વધારે સારવાર એચ.સી.જી. મીઠાખળી છ રસ્તા પાસે, અમદાવાદ વધુ સારવાર લીધેલી. ફરિયાદી તથા સાહેદ દક્ષાબેનને બીજુ વિશેષ કાંઈ કહેવું નથી તેવું જણાવે છે.

**બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં ફરિયાદી તથા સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,** બનાવ રાત્રીના સમયે બનેલો. ફરિયાદી તથા સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે વાહનોની અવરજવર ચાલુ હતી. કમ ફરિયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, વાહન કોણ ચાલવતુ હતું તેમજ તે વાહનનો નંબર કયો હતો તે તેઓએ જોયેલ નથી.

(૮) ...સદર કામે ફરિયાદપક્ષે <u>આંક–૧૪ થી સાહેદ મુકેશભાઈ ડાહ્યાભાઈ સોલંકીને</u> સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓ પોતાની જુબાનીમા જણાવે છે કે, તેઓ સે–૪–બી માં પ્લોટ નં. ૧૧૭૯/૨ માં રહે છે અને ફરિયાદી શરદભાઈ પાટડીવાલા તેઓના વેવાઈ થાય છે. તા.૨૨/૦૬/૨૫ ના રોજ તેઓના વેવાઈ શરદભાઈ તથા તેમના પત્નિ દક્ષાબેન અમદાવાદ તેમના ઘરેથી સાહેદ મુકેશભાઈને ત્યાં આવવા માટે બાઈક ઉપર નીકળેલા અને રાત્રે લગભગ સાડા આઠ, પોણા નવ વાગે સાહેદ મુકેશભાઈના મોબાઈલ ઉપરથી તેઓના ઉપર એક અજાણી વ્યકિતનો ફોન આવેલો અને તેણે જણાવેલ કે, મોબાઈલ વાળા ભાઈનું ખ–૧ થી ગ–૧ તરફ જતા રોડ ઉપર સે–૪ ના શનિ મંદિરના કટ આગળ એક ફોરવીલ ગાડીના ચાલકે અકસ્માત કરેલ છે અને તેમને તથા તેમાન પત્નિને ઈજા થયેલ છે જેથી તેઓ તથા તેમનો દિકરો ચિરાગ અકસ્માતવાળા સ્થળ ઉપર ગયેલા તે વખતે શરદભાઈ તથા તેમના પત્નિ ઈજા થયેલ હાલતમાં સ્થળ ઉપર હતા અને ઘણાં માણસો ત્યાં ભેગા થયેલા હતા. શરદભાઈને વધારે વાગેલ હોય ભેગા થયેલા લોકોમાં થી કોઈ પ્રાઈવેટ ગાડીમાં તેમને ગાંધીનગર સીવીલ હોસ્પિટલ ખાતે લઈ ગયેલા અને દક્ષાબેનને ૧૦૮ માં પાછળથી સારવાર માટે લઈ ગયેલા. શરદભાઈને બંને પગે ઢીંચણમાં અને જમણી છાતીમાં પાંસળીનું ફ્રેકચર હતુ તેમના પત્નિને માથામાં ઈજા થયેલી. તેઓને અકસ્માત કરનાર વચાહન જી.જે.–૨૦–એ.કયુ.–૫૫૧૫ નંબરની ગાડી હોવાનું તેઓએ જાણેલું. સદર બનાવની શરદભાઈએ ફરિયાદ કરતા પોલીસે તેઓનો જવાબ લીધેલો. અકસ્માત કરનાર વાહન પ્રેમદીપ નામની વ્યકિત ચલાવતા હોવાનું તેઓએ પાછળથી જાણેલું. તેઓ

જણાવે છે કે તેઓ બનાવ વિશે વધારે કંઈ જાણતા નથી કે વિશેષમાં કંઈ કહેવું નથી.

**બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,** અકસ્માત બન્યાના દસ થી પંદર મિનિટ બાદ તેઓ અકસ્માત સ્થળ પર પહોચેલા. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સદર અકસ્માત કેવી રીતે બનેલો તે તેઓએ નજરે જોયેલ નથી. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ વાહનનો નંબર જાતે જોયેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તેઓને પાછળથી કોઈએ જણાવેલો. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, રોડ ઉપર વાહનોની સામાન્ય અવરજવર રહે છે. સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, અકસ્માત થયો તે જગ્યા એક વળાંક આવેલો છે.

(૯) ...સદર કામે ફરિયાદપક્ષે <u>આંક-૧૮ થી ત.ક.અ.શ્રી દેવાંગભાઇ કાંતિભાઇ સાધુને</u> સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓ પોતાની જુબાનીમા જણાવે છે કે, તા.૨૨/૦૬/૨૫ ના અરસામાં તેઓ સે-૭ પો.સ્ટે.માં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમિયાન વર્ધી આધારે ગાંધીનગર સી.હોસ્પિટલમાં ફરિયાદી શરદભાઈ જવણભાઈ પાટડીવાલા અને તેમના પત્નિ દક્ષાબેન શરદભાઈ પાટડીવાલાનાઓને સે-૪ માં તેઓના મો.સા. ઉપર જતી વખતે ખ-૧ થી ગ-૧ તરફ જતા રોડ ઉપર શનિ મંદિર નજીક પહોંચેલા તે વખતે એક ફોરવીલ ગાડીથી અકસ્માત થતા તેઓનો સી.હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ ગયેલા હોય સીવીલ હોસ્પિટલ ખાતે રૂબરૂ જઈ શરદભાઈ

જીવણભાઈનાઓની ફરિયાદ લીધેલી. જે આંક–૧૧ તેઓને બતાવવામાં આવે છે જે ફરિયાદીએ લખાવ્યા મુજબ લખી લઈ, ફરિયાદીની સહી લઈ, રૂબરૂ તરીકે તેઓએ સહી કરેલી છે તે જ છે. સદર ફરિયાદ આધારે ગુનો દાખલ થઈ આગળની તપાસ તેઓને સોંપવામાં આવતા તપાસાના કામે ગુનાવાળી જગ્યાએ જઈ પંચોની હાજરીમાં ગુનાવાળી જગ્યાનું પં ચનામું કરેલ જે આંક–૧૫ તેઓને બતાવવામાં આવે છે. જે પં ચોના લખાવ્યા મુજબ લખી પંચોની સહી લઈ રૂબરૂ તરીકે તેઓની સહી કરેલી તે જ છે. ઉપરાંત ઈજા પામનારના સર્ટી મેળવી તપાસના કામે સામેલ રાખેલ છે. જે પૈકી શરદભાઈ પાટડીવાલાનું ઈન્જરી સર્ટી તેઓ તપાસના કાગળોમાં અસલ તેઓ રજુ કરે છે. જેને દાખલ આં ક–૧૯ આપવામાં આવે છે. તેમજ તેઓને આંક–૧૬ બતાવવામાં આવે છે જે દક્ષાબેનનું ઈન્જરી સર્ટી તપાસના કામે સામેલ રાખેલ છે તે જ છે. ઉપરાંત સાહેદ દક્ષાબેન શરદકુમાર તથા મુકેશભાઈ ડાહયાભાઈ સોલં કી સહીતના જરૂરી સાહેદોના નિવેદનો તપાસના કામે નોંધેલા અને તપાસના અંતે પુરતા પુરાવો કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીને જોયેથી ઓળખી શકે છે જે કોર્ટમાં હાજર છે તેને તેઓ ઓળખે છે. તપાસના કામે બીજી કોઈ કામગીરી તેઓએ કરેલ નથી.

**બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટપાસમાં ત.ક.અ.શ્રી એ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,** અકસ્માતવાળા સ્થળ ઉપર ઘણાબધા વાહનોની અવરજવર ચાલુ હોય છે. ત.ક.અ.શ્રીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી.

(૯) .. આમ, સદર કામે રેકર્ડ પર આવેલ પુરવાનું મુલ્યાંકન કરવામાં આવે તો સદર કામે મહત્વના સાહેદ એવા ફરિયાદીની જુબાની પરથી જણાઈ આવે છે કે, બનાવના દિવસે ફરિયાદી તથા સદર સાહેદ એવા દક્ષાબેન પાટડીવાલા કે જેઓ ફરિયાદીના પત્નિ થાય છે તેઓ બંને અમદાવાથી ગાંધીનગર તેઓના વેવાઈ મુકેશભાઈના ઘર પોતાની માલિકીનું મોટરસાયકલ લઈ જવા નીકળેલા તે વખતે એક એક ફોરવીલ ગાડીએ તેઓના મોટરસાયકલને પાછળથી ટકકર મારી અકસ્માત કરેલ અને ફરિયાદી તથા તેમના પત્નિે ગંભીર ઈજાઓ પહોંચાડેલ. તેમજ તેઓની જુબાની પરથી જણાઈ આવે છે કે, સદર અકસ્માત રાત્રીના સમયે બનેલ તેમજ બનાવવાળી જગ્યા જાહેર જગ્યા હોવાથી ત્યાં વાહનોની અવરજવર ચાલુ હતી તેમજ ફરિયાદીએ અકસ્માત કરનાર વાહનચાલકને જોયેલ નથી તેમજ અકસ્માત કરનાર વાહનનો નંબર કયો હતો તેના વિશે પણ તેઓ કહી શકતા નથી. સદર અકસ્માત આરોપી ધ્વારા જ કરવામાં આવેલ છે તેવા કોઈ જ ઠોસ પુરાવા ફરિયાદીએ રેકર્ડ પર રજુ કરેલ નથી. સદર કામે સાહેદ દક્ષાબેન પાટડીવાલા પણ ફરિયાદીન જુબાનીને અનુરૂપ જુબાની આપતા હોય તેઓની જુબાની પરથી પણ કોઈ જ ઠોસ પુરાવા રેડર્ક પર આવેલ નથી કે જેથી સાબિત થઈ શકે કે સદર અકસ્માત આરોપી ધ્વારા જ કરવામાં આવેલ છે. સદર કામે સાહેદ મુકેશભાઈ ડાહયાભાઈ સોલંકી કે જેઓ ફરિયાદીના વેવાઈ થાય છે તેઓની જુબાની પરથી જણાઈ આવે છે કે, સદર બનાવની જાણ તેઓને કોઈ અજાણી વ્યકિત ધ્વારા ફોનથી થયેલી. સદર અસ્માતની જાણ થતા તેઓ તથા તેમનો પુત્ર અકસ્માત સ્થળે પહોંચેલા તે વખતે ફરિયાદી તથા તેમના પત્નિને ગંભીર ઈજાઓ થયેલી હોવાનું

તેમની જુબાની પરથી જણાઈ આવે છે. સદર અકસ્માત બન્યાના દસ થી પંદર મિનિટ બાદ તેઓ બનાવવાળી જગ્યાએ પહોંચેલાનું તેઓની જુબાની પરથી જણાઈ આવે છે  તેમજ તેઓની જુબાની પરથી સ્પષ્ટ જણાઈ આવે છે કે, સદર અકસ્માત તેઓએ નજરે જોયેલ નથી તેમજ સદર અકસ્માત કરનાર વાહનનો નંબર તેઓએ જાતે જોયેલ નથી, સદર વાહનના નંબરની જાણ તેઓને પાછળથી કોઈએ જણાવેલો. તેમજ અકસ્માત વાળી જગ્યાએ વાહનોની સામાન્ય અવરજવર રહેતી હોવાથી તેમજ અકસ્માત થયો તે જગ્યા એક વળાંક આવેલો છે. આમ, સદર અકસ્માત વાળી જગ્યાએ વાહનોની સામાન્ય અવરજવર રહેતી હોય અને અકસ્માત વાળી જગ્યાએ વળાંક હોવાથી સદર અકસ્માત કોની ભુલના કારણે થયેલ છે તે કહેવું સ્પષ્ટ કહી શકાય નહી. તેમજ ત.ક.અ.શ્રી દેવાંગભાઈ કાંતિભાઈ સાધુની જુબાની પરથી જણાઈ આવે છે કે, તેઓ સે–૭ પો.સ્ટે.માં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા. તે દરમિયાન વર્ધી આધારે ફરિયાદીની ફરિયાદ લીધેલી જેમાં રૂબરૂ તરીકે તેઓએ સહી કરેલી તેમજ આગળની તપાસ તેઓને સોંપવામાં આવતા તેઓએ તપાસના ભાગરૂપે ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ તેમજ ઈજા પામનારના સારવાર સર્ટી મેળવી રજુ કરેલ તેમજ જરૂરી સાહેદોના નિવેદનો નોંધેલા અને ત્યારબાદ આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા મેળતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. તેમજ સદર અકસ્માતવાળી જગ્યાએ ઘણા બધા વાહનોની અવરજવર ચાલુ હોય છે જેથી સદર અકસ્માત કોની ભુલના કારણે થયેલ છે તેવું તેઓ તેઓની જુબાની પરથી સ્પષ્ટ કહી શકતા નથી તેમજ તેઓએ કોઈ  સ્વતં ત્ર સાહેદોના નિવેદનો પણ લીધેલા નથી. તેમજ તેઓ આરોપીને જોયેથી

ઓળખે છે પરંતુ સદર કામે તપાસના કામે આરોપી વિરુધ્ધ એવા કોઈ જ ઠોસ પુરાવા રેકર્ડ પર આવેલ નથી કે સાબિત થઈ શકે કે, ખરેખર આરોપી ધ્વારા જ સદર અકસ્માત કરવામાં આવેલ છે. આમ,સદર કામે ફરિયાદીની ફરિયાદી હકીકતને સાબિત કરવાની સંપૂર્ણ જવાબદારી ફરિયાદીની હોય છે પરંતુ સદર ગુનાના કામે ફરિયાદીની જુબાની પરથી એવા કોઈ જ ઠોસ પુરાવા ફરિયાદી રેકર્ડ પર લાવી શકેલ નથી કે જેથી સાબિત થઈ શકે કે ખરેખર આરોપીએ જ અકસ્માત કરેલ છે. આમ, ફરિયાદી, સાહેદો અને ત.ક.અ.શ્રી નાઓની જુબાની પરથી તેમજ ત.ક.અ.શ્રીની તપાસ દરમિયાન પણ એવા કોઈ જ ઠોસ પુરાવા રેકર્ડ પર આવેલ નથી કે જેથી આરોપી વિરુધ્ધનો સદર ગુનો સાબિત થઈ શકે. તેવા સંજોગોમાં કેસનો સંપૂર્ણ લાભ આરોપીની તરફેણમાં જતો હોય તેવું જણાઈ આવે છે.

**(૧૦)..** મોટર એકસીડન્ટના કેસમાં ગફલતભર્યુ અને બેદરકારીભર્યુ ડ્રાઈવીંગ કરવા બદલ દોષિત ઠરાવવા માટેના જે ધોરણો છે તેમા સૌ પ્રથમ ફરીયાદ પક્ષે એમ પુરવાર કરવું જોઈએ કે આરોપી બનાવ સમયે અકસ્માત વાહનનું ડ્રાઈવીંગ કરતો હતો તથા સદર ડ્રાઈવીંગ બેદરકારીભર્યુ કે ગફલતભર્યુ કરતો હતો. માત્ર એરર ઓફ જજમેન્ટના આધાર પર ફોજદારી કે ક્રિમીનલ બેદરકારીભર્યુ ડ્રાઈવીંગની બાબતના પુરાવાના અભાવે આરોપીને ગફલતભર્યુ કે બેદરકારીભર્યુ ડ્રાઈવીંગ બદલ દોષિત ઠરાવી શકાય નહી. વધુમાં **નામદાર ઓરિસ્સા વડી અદાલતે ''બદ્રીપ્રસાદ તિવારી વિરૂધ્ધ સ્ટેટ'' ૧૯૯૪ ક્રિ.લો.જ. પેજ નં.૩૮૯** માં એમ ઠરાવેલ છે કે,

(A) Penal Code (45 of 1860), S.279 -

NEGLIGENCE - Rash and negligent driving - Offence under - Ingredients of rash and negligent driving on public road endangering human life or likely to cause injury, must be established – Mere carelessness or error of judgment, not sufficient - Accident resulting in death, failure of prosecution to prove rash and negligent driving of accused – Bare statement that vehicle was being driven in high speed, not sufficient – Accused entitled for acquittal.

વધુમાં તે ચૂકાદાના પેરા–પ માં એમ ઠરાવેલ છે કે "Section 279, IPC deals with rash and negligent driving of any vehicle or riding on a public way in a rash and negligent manner so as to endanger human life or likely to cause hurt or injury to any person. In order to constitute an offence under Section 279, IPC, it must be established that the accused was driving the vehicle on a public way in a rash and negligent manner to endanger human life or likely to cause hurt or injury to any other person. For the purpose of Section 279 rash and negligence may be described as criminal rashness or criminal negligence. It must be more than mere carelessness of error of judgment. The essential ingredients of Section 279 are:

(i)Rash and negligent driving or riding on a public way.

(ii) The act must be such as to endanger

human life or likely to cause hurt or injury to any person.

For offence punishable under Sec. 304-A, IPC, the point to be established is that the act of accused was responsible for resulting in the death and such act of the accused was rash and negligent although it did not amount to culpable homicide. To establish either of Sections 279 or 304-A rash and negligent has to be established, but only distinction is hat in Section-279 rash and negligent act relates to the manner of driving or riding on a public way, while offence under Section 304-A extends o any rash and negligent act falling short of culpable homicide. As indicated above,rashness or negligence to beકલમ–૨૮૧,૧૨૫(એ),૧૨૫(બી) તથા મોટર વ્હીકલ એક્ટ ની કલમ : ૧૭૭, ૧૮૩,૧૮૪ established must be more han an error of judgement. Distinction between rashness and negligence is that negligence connotes want of proper care, while rashness conveyes he idea of reckless doing of an ac without consideration of any consequences.

આમ, ફરીયાદીનો રેકર્ડ ઉપરનો પુરાવો વંચાણે લેતા ફરીયાદી તથા સદર સાહેદ એવા ફરિયાદીના પતિનને અકસ્માતમાં ઈજા થયેલ હોવાનુ પુરવાર થાય છે પરંતુ અકસ્માતવાળુ વાહન અંગેની ઓળખ

કે અકસ્માત વાળુ વાહન હાલના કામના આરોપી ચલાવતા હોવાનુ પુરવાર થતુ નથી. વધુમાં જો માની લઈએ કે અકસ્માતવાળુ વાહન આરોપી ચલાવતા હતા તો હાલના કામે અકસ્માતવાળુ વાહન આરોપીએ પુરઝડપે ગફલતભરી રીતે તથા માનવ જીવન ભયમા મુકાય તે રીતે હંકારેલ હોય અને અકસ્માત કરેલ હોય તે મતલબનો લેશમાત્ર પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. આ અકસ્માત હાલના આરોપીએ પોતાનુ વાહન મનુષ્ય જીવન ભયમા મુકાય તે રીતે પુરઝડપે અને ગફલતભરી રીતે હં કારી કરેલ હોવા બાબતનો લેશમાત્ર પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

**(૧૧)..** આરોપી બનાવનાં દિવસે તેનાં કબજાનું વાહન બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવતાં હતાં અને તેવા કૃત્યનાં કારણસર અકસ્માત થયેલ છે તેવું ફરીયાદપક્ષે પુરવાર કરવું જોઈએ. હાલનાં કેસમાં પુરાવાને ધ્યાને લઈને ચર્ચા કરીએ તો ફરીયાદીની જુબાની ઉપરથી આરોપી બનાવ વખતે વાહન બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવતા હોવાનું પ્રસ્થાપિત થતુ નથી. વધુમાં અકસ્માતવાળા વાહન ચાલકની બેદરકારીને કારણે સદર બનાવ બનેલો છે તેવું પણ ફરિયાદપક્ષના સાહેદ જણાવતા નથી. આમ સદર કામના આરોપીની ભુલના કારણે તથા અકસ્માત સમયે પોતાના હવાલાવાળુ વાહન પુરઝડપે કે ગફતભરીરીતે ચલાવવામાં આવતું હોવાનો કોઈ પુરાવો ફરીયાદપક્ષ ધ્વારા સાબીત કરવામાં આવેલો નથી.

આમ, રેકર્ડપરનાં સમગ્ર પુરાવાનું મૂલ્યાંકન કરતાં તા. ૨૨/૦૬/૨૦૨૫ ના કલાક: ૨૦/૩૦ વાગે મોજે ખ–૧ રોડ થી ગ–૧ સર્કલ તરફ જતા રોડ ઉપર સેકટર–૪ ગાંધીનગર

ખાતે આરોપીએ પોતાની વર્ના ગાડી પુર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી ફરિયાદીના મોટરસાયકલને પાછળથી ટકકર મારી અકસ્માત સર્જી ફરિયાદીને બંને ઢીંચણના ભાગે તથા જમણી છાતીના પાસળીના ભાગે ફેકચર તેમજ માથામાં હેમરેજ તથા શરીરે છોલાયાની તથા ફરિયાદીના મો.સા.ની પાછળ બેઠેલ તેમની પત્નિ દક્ષાબેન પાટડીવાલાને માથામાં હેમરેજ તથા શરીરે છોલાયાની ઈજાઓ પહોં ચાડવાનો ગુનો કરેલ છે. આમ, સદર ગુનો આરોપી ધ્વારા કરેલ હોવાની ફરિયાદ ફરિયાદી પક્ષ સાબિત કરી શકેલ ન હોય, સાથોસાથ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ બી.એન.એસ.ની કલમ–૨૮૧,૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી. એકટ ની કલમ : ૩,૧૮૧,૧૭૭, ૧૮૩, ૧૮૪ ,૧૩૪ (બી) મુજબનાં ગુનાને પુરવાર કરવામાં પણ ફરીયાદપક્ષ નિષ્ફળ રહેલ હોય જેથી મુદ્દા નં.૧ નો મારો નિર્ણય '**નકારમાં**' આપી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો '**આખરી હુકમ**' ફરમાવું છું.

## // <u>આ ખ રી હુ ક મ</u> //

(૧) આ કામના આરોપી **પ્રેમદિપકુમાર છગનલાલ રૂમાલભાઈ નિસરતા,** ઉ.વ.૨૭, રહે–પ્લોટ નં. ૨૦૮/૧, સેકટર–૫/એ, તા.જી.ગાંધીનગર, મુળ રહે. નાના સલરાગામ તળાવ ફળિયું, તા.ફતેપુરા, જી.દાહોદ વાળાને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ની કલમ ૨૭૮ અન્વયે બી.એન.એસ.ની કલમ–૨૮૧, ૧૨૫(એ),૧૨૫(બી) તથા એમ.વી. એકટ ની કલમ : ૩,૧૮૧ ,૧૭૭,૧૮૩,૧૮૪ ,૧૩૪ (બી) મુજબના સજાને પાત્ર ગુન્હાના આરોપમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં

આવે છે.

(૨) આ કામના આરોપીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ની કલમ ૪૮૦ મુજબ અપીલ સમય સુધીના રૂા. ૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના સધ્ધર જામીન આપવા.

આ હુકમ આજરોજ તારીખ : ૨૦ , માહે : ઓગષ્ટ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૨૦/૦૮/૨૦૨૬

**( દક્ષેશ રાજેશકુમાર જગુવાલા )**
ચીફ જયુડી. મેજી., ગાંધીનગર
**U.I.C. NO. GJ00973**